P G V C L

# ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ

## પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ

રજી. અને કોર્પોરેટ ઓફિસ, નાના મવા મેઇન રોડ, લક્ષ્મીનગર, રાજકોટ – ૩૬૦ ૦૦૪

CIN: U40102GJ2003SGC042908;

ફોન નંબર : (૦૨૮૧) ૨૩૮૦૪૨૫, ૨૩૮૦૪૨૭; ફેક્સ : ૨૩૮૦૪૨૮;

ઈ-મેલ : forum.pgvcl@gebmail.com; વેબસાઈટ : www.pgvcl.com

પીજીવીસીએલ/સીજીઆરએફ/૧૮/ક્વા-03/૨૦૨૧-૨૨/ ૭૩૩-૪ તારીખ : ૩૧ - ૦૧ - ૨૦૨૨

રજી. એડી. પત્ર

પ્રતિ,
રાજેશ એસ. વોરા
૩૧૬-૩૧૮, શ્રી સદગુરુ આર્કેડ, ઢેબર રોડ, નવજીવનબેંક ની બાજુમાં,
મું. પો. : રાજકોટ , તા. : રાજકોટ, જી. : રાજકોટ,
પીન કોડ. : ૩૬૦૦૦૧
મોબાઈલ : ૯૮૨૪૮૦૦૫૯૫

વિષય : બદઈરાદાપૂર્વક સતાનો દુરુપયોગ કરી GERC ના નિયમોનું ઉલ્લંઘન કરવા અંગે.

સંદર્ભ: આપશ્રીની રજુઆત તા. ૦૧-૧૨-૨૦૨૧.
( અત્રેના ફોરમની નોંધણી નંબર : ૧૮/ક્વા-03/૨૦૨૧-૨૨ )

મહોદયશ્રી,

આપશ્રી દ્વારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ સમક્ષ કરવામાં આવેલ અરજીના ચુકાદાની પ્રમાણિત નકલ આ સાથે સામેલ છે.

જે આપશ્રીને સુવિદિત થાય. આપના સહકાર સહ, આભાર સહ.

આપનો વિશ્વાસુ,

( સી. જી. ગજેરા )
કા.વા. કન્વીનર
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લી., રાજકોટ

બિડાણ : ઉપર મુજબ.

નકલ સાદર રવાના :

(૧) અધિક્ષક ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., વર્તુળ કચેરી, રાજકોટ શહેર.

(૨) કાર્યપાલક ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., વિભાગીય કચેરી, રાજકોટ શહેર-૧.
સદર નિર્ણયપત્રની નકલ આપશ્રીને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નામદાર ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ ( ગ્રાહક તકરાર નિવારણ ફોરમ અને લોકપાલ ) વિનિયમો-૨૦૧૧, જાહેરનામા નં.- ૦૨/૨૦૧૯ ની વિનિયમ નં.- ૨.૫૪ અનુસાર, સદર હુકમના પાલન અંગે થયેલ કાર્યવાહીનો અહેવાલ અત્રેની ફોરમ કચેરીને અચૂક મોકલી આપવા વિનંતી.

(૩) નાયબ ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., પેટા વિભાગીય કચેરી, પ્રહલાદ પ્લોટ રાજકોટ શહેર.

# ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ, રાજકોટ

પી.જી.વી.સી.એલ. રજી. અને કોર્પોરેટ કચેરી, લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ

**CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com**

**E-Mail- forum.pgvcl@gebmail.com**

પી.જી.વી.સી.એલ./સીજીઆરએફ/૧૮/ક્વા-૩/૨૧-૨૨/૧૩૩-૪ તા. ૩૧.૦૧.૨૦૨૨

૨૦૦૩ ના ભારતીય વીજળી અધિનિયમની કલમ ૪૨ (૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) અગાઉના નોટીફીકેશન નં.૦૨/૨૦૧૧ હેઠળ રચાયેલ તેમજ પ્રવર્તમાન નોટીફીકેશન નં.૦૨/૨૦૧૯ મુજબના ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF)પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ, રાજકોટ સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

**Case No.PG- ૧૮/ક્વા-૩/૨૧-૨૨**

અરજદાર : રાજેશ એસ. વોરા ગામ: રાજકોટ

પેટા વિભાગીય કચેરી : પ્રહલાદ પ્લોટ

રજૂઆત કરનાર : અરજદાર રાજેશ એસ. વોરા હાજર રહેલ છે.

## :: વિરુધ્ધ ::

સામાવાળા : કાર્યક્ષેત્ર : પી.જી.વી.સી.એલ. વિભાગીય કચેરી - રાજકોટ શહેર-૧

રજૂઆત કરનાર : શ્રી પી.એસ.ધુલિયા, નાયબ ઈજનેર અને તેમની સાથે શ્રી કે.સી.પારેખ,અધિક્ષક હિસાબનીશ તેમજ શ્રી કે.પી.સોલંકી, નાયબ અધિક્ષક, પી.જી.વી.સી.એલ., વિભાગીય કચેરી - શહેર-૧ રાજકોટ

## :: કોરમ ::

૧) ચેરપર્સન - શ્રી એન.સી.મકવાણા

૨) સભ્ય (ટેકનીકલ) – શ્રી આર.જી.ગોવાણી

૩) સભ્ય (સ્વતંત્ર) - શ્રીમતી નિતીનાબેન એચ. જોષી

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot

સુનાવણી સ્થળ: કોન્ફરન્સ હોલ, પીજીવીસીએલ, શહેર વર્તુળ કચેરી, રાજકોટ

તારીખ: ૧૮-૦૧-૨૦૨૨ (મંગળવાર)

૧.૦ સદર કેસની સુનાવણી તા.૧૮-૦૧-૨૦૨૨ (મંગળવાર) ના રોજ રાખવામાં આવેલ હતી. જેમાં ઉપર મુજબના પક્ષકારો હાજર રહેલ હતા.

## ::Applicant Representation::

2.0 As per the applicant representation that he is bonafide purchaser and possessioner of office no 316, 317 & 318 – Shree Sadguru Arcade, Dhebar Road one way, Nr Jivan commercial bank Rajkot – 360001 from June, 2010. He has complied all legal requirements and got electric connection in said offices which are in applicant possession. Applicant regularly paid electric bills and there are no dues till date.

2.1 As per the sale agreement between applicant and Mr. Kumarpal D Shah during 2010 possesion of office number 316, 317 & 318 handed over to complainant. Then after unauthorized person got Registration of office without payment and possession.

2.2 For the said above matter, presently criminal case is filed vide case no 39/2018 at The Hon'ble court – Rajkot. Police filed charge sheet against criminals for such office transactions for non-payment and possession of offices.

2.3 Applicant has submitted application to PGVCL on Dt:12-Aug-2021 vide Inward no: 1075 where they clearly mentioned facts and also requested not to pass new connection or change in name in existing connection without consent.

2.4 Applicant has also stated that PGVCL official processed change of name of existing consumer without complying following Gujarat Electricity Regulation Commission's Supply Code.

1. Verification of place
2. Occupancy proof of premises
3. No objection certificate from existing consumer of PGVCL in same premises
4. In case of change in name to other than legal heir: No Objection Certificate from the existing consumer if available/ possible and registered sale deed/ lease deed/ succession certificate/ (if any other document, please specify)

2.5 Applicant having electricity bill from 2010 and consumer name Rajesh Shantilal Vora, 316-Shri Sadguru Arcade having consumer no.31109/04039/3.

2.6 Applicant has requested to the Forum to cancel the recent change of name done by PGVCL and continue their name in above said electricity connection.

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

3.0 અરજદારની રજૂઆત અન્વયે - પી.જી.વી.સી.એલ. પક્ષકાર તરફથી જણાવાયેલ કે પ્રહલાદ પ્લોટ સબડીવીઝન હેઠળ અરજદાર રાજેશ એસ. વોરા દ્વારા શ્રી સદગુરૂ આર્કેડ ઢેબર રોડ, થર્ડ ફ્લોર સરનામે આવેલ ઓફીસ નંબર ૩૧૬, ૩૧૭ અને ૩૧૮ ની મિલકતમાં નવું વિજજોડાણ આપવા બાબતે અને જુના કનેકશનમાં નામ ટ્રાન્સફર કરવા બાબતે રજૂઆત કરવામાં આવેલ છે. સદર બાબતે હકીકત લક્ષી અહેવાલ નીચે મુજબ છે.

૩.૧ અરજદાર રાજેશ એસ. વોરા ને વિજ કનેક્શન ગ્રાહક ન:૩૧૧૦૯૦૪૦૩૯૩, દુકાન નંબર ૩૧૬ શ્રી સદગુરૂ આર્કેડ ઢેબર રોડ સરનામે, NRGP, 0.5KW નું ૦૮.૧૦.૨૦૧૦ થી રીલીઝ કરવામાં આવેલ હતુ.

૩.૨ ત્યારબાદ નવા અરજદાર દિગ્વિજયસિંહ પ્રભાતસિંહ જાડેજા દ્વારા ઓકટો-૨૧માં દસ્તાવેજી માલિકી હક્ક દર્શાવતા પુરાવા રજુ કરતા નામ ટ્રાન્સફર કરવામાં આવેલ છે.

3.3 ઉપરોક્ત ઓફીસ નં ૩૧૬ ના વીજજોડાણના ગ્રાહકનં ૩૧૧૦૯/૦૪૦૩૯/3 માં દિગ્વિજયસિંહ પ્રભાતસિંહ જાડેજા દ્વારા રજીસ્ટર્ડ દસ્તાવેજથી દુકાન નંબર ૩૧૬ માં દસ્તાવેજી માલિકી હક્ક દર્શાવતા પુરાવા રજુ કરતા નામ ટ્રાન્સફરની અરજી તા.૨૨-૦૯-૨૦૨૧ થી કરેલ છે જેની સાથે નવા ગ્રાહક દિગ્વિજયસિંહ પ્રભાતસિંહ જાડેજા દ્વારા નામ ટ્રાન્સફર કરવા માટે જરૂરી આધાર પુરાવા સાથે રૂ.300 ના સ્ટેમ્પ પર નોટેરાઈઝડ બાંહેંધરી આપેલ છે કે ભવિષ્યમાં માલિકી હકક બાબતે અન્ય કોઈ પક્ષકાર તરફથી વાદવિવાદ ઉપસ્થિત

થયેથી તમામ જવાબદારી તેમની રહેશે. જેના અનુસંધાને જરૂરી અંદાજપત્ર પાઠવતા અંદાજપત્રની રકમ રૂ ૬૮૦/- રસીદ નં RS 403751 થી તા.૨૦.૧૦.૨૦૨૧ ના રોજ ભરપાઈ કરેલ છે. ત્યારબાદ સદર વીજજોડાણમાં રાજેશ શાંતિલાલ વોરા માંથી દિગ્વિજયસિંહ પ્રભાતસિંહ જાડેજાનું નામ ટ્રાન્સફર કરવામાં આવેલ છે.

૩.૪ ઉપરોક્ત બાબતે સદર ફરિયાદી રાજેશ.એસ.વોરા દ્વારા પી.જી.વી.સી.એલ.ની સંલગ્ન કચેરીમાં કોઈપણ પ્રકારની લેખિત કે મૌખિક ફરિયાદ કરવામાં આવેલ નથી.

૩.૫ આમ, પી.જી.વી.સી.એલ. દ્વારા દુકાન નં -૩૧૬ ના ફરિયાદી અરજદારના નામ પરથી દિગ્વિજયસિંહ પ્રભાતસિંહ જાડેજાના નામે નામ બદલીની પ્રક્રિયા નિયમોનું પાલન કરીને કરવામાં આવેલ છે. જેમાં પી.જી.વી.સી.એલ. કંપનીના જવાબદાર અધિકારી દ્વારા કોઈપણ પ્રકારના બદઈરાદાપૂર્વક સતાનો દુરુપયોગ કરેલ નથી કે GERC ના નિયમોનું ઉલ્લંઘન કરાયેલ નથી.

૩.૬ વધુમાં GUVNL દ્વારા અપાયેલ નામ ટ્રાન્સફર અંગેની માર્ગદર્શિકા પત્ર નંબર: જીયુવી એનએલ-ટેક-ર-નામફેર-૨૯૮૬ તા:૧૩.૦૨.૨૦૧૭ તથા ઉર્જા અને પેટ્રોકેમીકલ્સ વિભાગના તા:૦૯.૦૨.૨૦૧૭ નો પત્ર ફોરમ સમક્ષ રજુ કરેલ છે. જેમા જણાવેલ સ્પષ્ટ સુચના મુજબ નામફેરના કેસોમા કાયદેસરનો રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ હોયતો જુના ગ્રાહકની લેખિત મંજુરી મેળવવી જરૂરી નથી પરંતુ જો રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ ના હોયતો અથવા કાચો દસ્તાવેજ હોય તેવા કેસોમાજ જુના ગ્રાહકોની સમંતિ લેવાની હોય છે.

૩.૭ સદર વિવાદિત જગ્યાના અગાઉના મુળ માલિક શ્રી કુમારપાળ દલીચંદભાઈ શાહ દ્વારા અરજદાર રાજેશ એસ.વોરા અને કલ્પેશ.એસ.વોરા ને માત્ર રૂ.૧૦૦/- ના સ્ટેમ્પ પેપરપર નોટેરાઈઝડ દસ્તાવેજ જુલાઈ-૧૧ મા કરી આપેલ છે. ત્યારબાદ મુળ માલિક શ્રી કુમારપાળ દલીચંદભાઈ શાહ દ્વારા રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ શ્રી દિગ્વિજયસિંહ પ્રભાતસિંહ જાડેજા રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ એપ્રિલ-૧૫ મા કરી આપેલ છે.

વધુમાં સદર વિવાદિત જગ્યા અંગે અરજદારો દ્વારા જુના મુળ માલિક શ્રી કુમારપાળ દલીચંદભાઈ શાહ અને તેના વારસદારો સામે પોલીસ સ્ટેશનમાં આઈપીસી ક્રિમીનલ કેસ નંબર:૩૯/૧૮ થી પોલીસ ફરિયાદ દાખલ કરવામા આવેલ છે. જે અંગે નામદાર કોર્ટ દ્વારા અપાયેલ કોઈ આખરી હુકમ અથવા સદર ક્રિમીનલ કેસનો નિકાલ થયેલ હોય તેવુ જણાતું નથી આમ પીજીવીસીએલને નામ ટ્રાન્સફર અને નવા વિજજોડાણ અંગેની કાર્યવાહી કંપનીના નિયમો અનુસાર કરેલ હોય તથા તે અંગે ભવિષ્યમાં બિનજરૂરી ક્રિમીનલ કેસમાં કે કોર્ટમાં બિનજરૂરી પક્ષકાર ન બનવું પડે તે માટે અરજદારોની રજૂઆતો ધ્યાનમાં લઈ શકાય એમ નથી અને તેમની અરજી ગ્રાહ્ય રાખી શકાય નહિ.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot

## :: હુકમ ::

૪.૦ અરજદારે કરેલ લેખિત તેમજ મૌખિક રજૂઆત તથા સામાવાળાની લેખિત તેમજ મૌખિક રજૂઆત અને રજૂ કરાયેલા દસ્તાવેજી પુરાવાઓના આધારે ફોરમ દ્વારા નીચે મુજબનો નીર્ણય કરાયેલ છે.

૪.૧ પ્રહલાદ પ્લોટ સબડીવીઝન હેઠળ અરજદાર રાજેશ એસ. વોરા દ્વારા શ્રી સદગુરુ આર્કેડ ઢેબર રોડ, થર્ડ ફ્લોર સરનામે આવેલ ઓફીસ નંબર ૩૧૬, ૩૧૭ ની મિલકતમાં જુના કનેક્શનમાં નામ ટ્રાન્સફર કરવા અને ઓફીસ નંબર ૩૧૮ ની મિલકતમાં નવું વિજજોડાણ પી.જી.વી.સી.એલ. દ્વારા નિયમોનું ખોટું અર્થઘટન કરીને અન્ય વ્યક્તિ દિગ્વિજયસિંહ પ્રભાતસિંહ જાડેજાના નામે ફરિયાદી પક્ષકારની કોઈપણ સહમતી વિના કરાયેલ છે તેમજ સદર મિલકત વેચાણ કરારથી કુમારભાઈ શાહ પાસેથી લીધેલ છે જે મિલકત શ્રી કુમારભાઈ શાહ દ્વારા સોગંદનામાંનું ઉલ્લંઘન કરીને અન્ય વ્યક્તિ દિગ્વીજયસિંહ પ્રભાતસિંહ જાડેજાને મિલકતનો વેચાણ

દસ્તાવેજ કરી આપેલ છે જે અંગે ફરિયાદી દ્વારા પોલીસ ફરિયાદ ગુન્હા નં - I – 39 /2018, કુમારભાઈ શાહ, શ્રેયસ કુમાર શાહ તથા અન્ય ઈસમો વિરુદ્ધ ગુનો દાખલ કરેલ છે.

ઉપરોક્ત બાબતે ફરિયાદી અરજદારે તેઓનો કબ્જો ધરાવતી મિલકત ઓફીસ નંબર ૩૧૬, ૩૧૭ ના વીજબીલમાં તેઓના નામ પરથી અન્યના નામે નામ બદલી અને અને ઓફીસ નંબર ૩૧૮ માં અન્યના નામે વીજજોડાણ પી.જી.વી.સી.એલ. દ્વારા નામદાર જી.ઈ.આર.સી.ના નિયમોનું પાલન કર્યા વગર કાર્યવાહી કરાયેલ છે જે અંગે ન્યાય મેળવવા ફોરમ સમક્ષ રજૂઆત કરેલ છે.

૪.૨ પી.જી.વી.સી.એલ. દ્વારા કરાયેલ લેખિત રજૂઆત મુજબ ગ્રાહક નં - ૩૧૧૦૯/૦૪૦૩૯/૩ રાજેશભાઈ શાંતિલાલ વોરા ના નામના વીજજોડાણમાંથી દિગ્વીજયસિંહ પ્રભાતસિંહ જાડેજાના દ્વારા નામ બદલી માટે એ-૧ ફોર્મ સાથે જરૂરી આધાર પુરાવા જેવાકે સદર જગ્યાનું લાઈટ બીલ, આઈ.ડી.પ્રૂફ, રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ ન૨૮૯૬/૨૦૧૫ રૂ.૩૦૦/- ના નોટરાઈઝ સ્ટેમ્પપેપર પર બાહેધરી ખત સામેલ કરીને તા.૨૨-૦૯-૨૦૨૧ ના રોજ રજીસ્ટ્રેશન ફી ભરીને નોંધણી કરેલ ત્યારબાદ જરૂરી ભાવપત્રક તા.૨૩-૦૯-૨૦૨૧ ના રોજ પી.જી.વી.સી.એલ. દ્વારા અપાયેલ જે અરજદારે તા.૨૦-૧૦-૨૦૨૧ ના રોજ ભરપાઈ થતા નવા ગ્રાહક શ્રી દિગ્વિજયસિંહ પ્રભાતસિંહ જાડેજાના નામે નામ બદલી કરવામાં આવેલ છે.

૪.૩ શ્રી દિગ્વિજયસિંહ પ્રભાતસિંહ જાડેજા દ્વારા શ્રી સદગુરુ આર્કેડ ઢેબર રોડ, ત્રીજા માળે આવેલ ઓફીસ નં-૩૧૮ માં નવું વીજજોડાણ મેળવવા માટે જરૂરી આધાર-પુરાવા સાથેની અરજી તા.૨૩-૦૭-૨૦૨૧ ના રોજ નોંધણી કરાવેલ છે જેમાં જોડેલ દસ્તાવેજ નં - આરકેટી-૧ સીટીવાય/૨૮૯૨/૨૦૧૫ થી શ્રી કુમારપાલ દલીચંદ શાહ પાસેથી દિગ્વિજયસિંહ પ્રભાતસિંહ જાડેજા દ્વારા સદર ઓફીસ ખરીદ કરાયેલ છે. જે અન્વયે પી.જી.વી.સી.એલ. પક્ષકાર દ્વારા જરૂરી કાર્યવાહી કરીને તા.૨૬-૦૭-૨૦૨૧ ના રોજ ભાવપત્રક આપતા અરજદારે શ્રી દિગ્વિજયસિંહ પ્રભાતસિંહ જાડેજા દ્વારા તા.૦૯-૦૮-૨૦૨૧ ના રોજ ભરપાઈ થતા પી.જી.વી.સી.એલ. પક્ષકાર દ્વારા ગ્રાહક નં - ૩૧૧૦૯/૦૪૧૮૬/૧ થી નવું સિંગલ ફેઇઝ વીજજોડાણ તા.૧૨-૦૮-૨૦૨૧ ના રોજ રીલીઝ કરાયેલ છે.

૪.૪ પી.જી.વી.સી.એલ.માં પ્રર્વતમાનમાં રહેલ વીજજોડાણના નામફેરના નિયમો બાબતનો પરિપત્ર નં: જીયુવીએનએલ/ ટેક-૨ /નામફેર / ૨૯૮૬ તા.૧૩-૦૨-૧૭ માં કરાયેલ જોગવાઈ મુજબ રહેણાંક અને વાણીજ્ય હેતુના સ્થળની માલિકી કે કબજો બદલાવાને કારણે વીજજોડાણમાં નામફેર કરવા માટેના મુદ્દા નં ૨ નીચે મુજબના દસ્તાવેજીક પેપર્સની પૂર્તતા કરવા જણાવેલ છે.

1. છેલ્લા ભરેલા વીજબીલની નકલ સાથે એ-૧ ફોર્મ
2. માંગણી કરનારની ફોટો આઈડીની સ્વયં પ્રમાણિત કરેલ નકલ જેમાં પાનકાર્ડ/પાસપોર્ટ/ડ્રાઈવિંગ લાયસન્સ/ ચુંટણીકાર્ડ/ આધારકાર્ડ માંથી કોઈપણ એક
3. રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ અથવા ઇન્ડેક્ષની નકલ (જો રજીસ્ટર્ડ દસ્તાવેજ ન હોય અને તેના બદલે કાચો દસ્તાવેજ અથવા કબ્જા રસીદ હોય તેવા કેઈસમાં મૂળ માલિકની સમંતિ લેવી)

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot

૪.૫ ફરિયાદી અરજદાર રાજેશભાઈ શાંતિલાલ વોરા દ્વારા ઓફીસ નં - ૩૧૬, ૩૧૭ અને ૩૧૮ માં વીજજોડાણ ન આપવા અંગે ની અરજી તા.૧૨-૦૮-૨૧ થી પ્રહલાદ પ્લોટ પેટા વિભાગીય કચેરીને આપેલ છે જેમાં તેઓની સાથે સદર મિલકતના વેચાણ અંગે છેતરપીંડી થયેલ હોય તે અંગેની પોલીસ ફરિયાદ કરેલ છે જેના પોલીસ ગુના નં આઈ - ૩૯/૨૦૧૮ થી કુમારભાઈ શાહ, શ્રેયસ કુમાર શાહ તથા અન્ય ઈસમો વિરુદ્ધ ગુનો દાખલ કરેલ છે જે પુરાવાઓ ધ્યાને લઇ યોગ્ય કાર્યવાહી કરવા પી.જી.વી.સી.એલ. પક્ષકારને જાણ કરેલ છે.

૪.૬ ઉપરોક્ત મુદ્દા નં ૪.૩, ૪.૪ અન્વયે પી.જી.વી.સી.એલ. પક્ષકાર દ્વારા વીજજોડાણ ગ્રાહક નં - ૩૧૧૦૯/૦૪૦૩૯/૩ માં કરેલ નામ બદલીની કાર્યવાહી અને નવું સિંગલ ફેઇઝ વીજજોડાણ ગ્રાહક નં - ૩૧૧૦૯/૦૪૧૮૬/૧ થી રીલીઝ કરાયેલ છે પરંતુ અરજદારની વિવાદિત મિલકત બાબતે નામદાર ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ કોર્ટ રાજકોટ ખાતે **Case No.3433/2018** થી ન્યાયિક બાબતે પડતર હોય, ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ અને લોકપાલશ્રીના નોટીફીકેશન નં - ૦૨/૨૦૧૯ ના મુદ્દા નં - ૨.૩૩ (૧) મુજબ અત્રેના ફોરમના કાર્યક્ષેત્રમાં સમાવિષ્ટ કરી શકાય નહિ.

૪.૭ ઉપરોક્ત મુદ્દા નં ૪.૬ મુજબની વિગતે અરજદારની અરજી રદ કરવામાં આવે છે.

| | | |
|---|---|---|
| (એન.એચ.જોષી) | (આર.જી.ગોવાણી) | (એન.સી.મકવાણા) |
| સભ્ય (સ્વતંત્ર) | સભ્ય (ટેકનીકલ) | ચેરપર્સન |

Consumer Grievance Redressal Forum
P.G.V.C.L.
Rajkot